નવગુજરાત સમય

# 'તમે કમ્ફર્ટ ઝોનમાં છો તો સમજો કે મુસીબતમાં છો'

» ખેડૂત પરિવારમાં જન્મેલા થાઈરોકેરના એમડીએ EDIમાં સફળતાનો મંત્ર આપ્યો

**નવગુજરાત સમય** > અમદાવાદ

તામિલનાડુના એક નાના ગામમાં ખેડૂત પરિવારમાં જન્મેલા ડો. એ વેલુમની આજે મલ્ટીમિલિયન કંપનીના માલિક છે. થાઈરોકેરના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ડો. એ વેલુમનીએ તેમના જીવનની રોમાંચક સફર વિશે આન્ત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના વિદ્યાર્થીઓ સાથે વાતો કરી હતી. ઉભરતા ઉદ્યોગસાહસિકોને સફળતાનો મંત્ર આપતા તેમણે જણાવ્યું હતું કે, "જો તમે તમારા કમ્ફર્ટ ઝોનમાં છો, તો સમજી જજો કે તમે મુસીબતમાં છો."



તેમણે વિદ્યાર્થીઓને સફળતા માટે ચાર શબ્દ આપ્યા હતાઃ ફોકસ, લર્નિંગ, ગ્રોઈંગ અને એન્જોયિંગ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "આ ક્રમમાં ફેરફાર ન કરતા. શીખવા પર ધ્યાન કેન્દ્રિત કરશો ત્યારે જ વિકાસ થશે. જો તમારા કામમાં મજા ન આવતી હોય તો સમજજો કે તમારે વિકસવાની જરૂર છે અને એ માટે યોગ્ય જગ્યાએ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે."

ભાવિ ઉદ્યોગસાહસિકોને સલાહ આપતા તેમણે જણાવ્યું હતું કે, "જો તમારી પાસે કોઈ સારો આઈડિયા હોય તો તમને જે ખૂબ જ ચાહતા હોય તેવા દસ લોકોને પૂછો. જો તે બધા જ ના પાડે તો તે વિચાર પર અવશ્ય અમલ કરો. જો તેઓ વિચારને સપોર્ટ કરે તો તેને અમલમાં ન મૂકતા. તમને જે પ્રેમ કરતા હોય તે લોકો તમે આસાન વિકલ્પ પસંદ કરો તેવું ઈચ્છે છે. જે સરળ હોય છે તે સાચું નથી હોતું અને જે સાચું હોય તે સરળ નથી હોતુ."

બિઝનેસમાં નિષ્ફળતાનું મુખ્ય કારણ જણાવતા ડો. વેલુમનીએ કહ્યું હતું કે,મોટાભાગના ઉદ્યોગસાહસિકો વેન્ડર અને ગ્રાહક એ બંને પાસેથી નફો કમાવવા ઈચ્છે છે જે શક્ય નથી. સાચો માર્ગ વેન્ડર પાસેથી નફો કમાવવાનો છે.